# VISHWANIDAM

## જાન્યુઆરી 2016 દરમિયાન વિશ્વનિડમ દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓનો અહેવાલ

- વિશ્વનિડમ દ્વારા 1 જાન્યુઆરી 2016માં રાજકોટના "અર્જુન પાર્ક" વિસ્તારમાં વધુ એક નવું કલરવ સંસ્કાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું.

- 5 જાન્યુઆરી 2016ના રોજ "સ્પીપા" અંતર્ગત રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાના 35 જેટલા શિક્ષકોએ વિશ્વનિડમની મુલાકાત લીધી અને સંસ્થાની કાર્યપ્રવૃતિઓની માહિતી મેળવી.



- 14 જાન્યુઆરી 2016ના રોજ રાજકોટના યુવા મિત્રો તથા સર ઇન્સ્ટીટ્યુટના યુવાનોએ સંક્રાંત સેલિબ્રેશન વિશ્વનિડમના ભૂલકાઓ સાથે કરી હતી.

- 18 જાન્યુઆરી 2016ના રોજ હેપ્પીહોમ, મેટોડાના બાળકોએ ખો-ખોની રમતમાં મેટોડા ગામની શાળાના બાળકોને હરાવીને વિજય પ્રાપ્ત કર્યો.




- 19 જાન્યુઆરી 2016ના રોજ હેમુ ગઢવી હૉલ ખાતે વિશ્વનિડમના બાળકોએ વિવેકનંદના જીવન ચરિત્રનું નાટક ઉત્સાહ પૂર્વક નિહાળ્યું.

- 20 જાન્યુઆરી 2016ના રોજ વિશ્વનિડમ કલરવ સંસ્કાર કેન્દ્રોના બાળકોને “ખેલ મહાકુંભ” નિમિતે નવી – નવી રમતો રમાડવામાં આવી અને ખેલ-મહાકુંભનું મહત્વ સમજાવવામાં આવ્યું.

- 22 જાન્યુઆરી 2016ના રોજ “સ્પીપા” અંતર્ગત રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાના 35 જેટલા બીજા વધુ શિક્ષકોએ પણ વિશ્વનિડમની મુલાકાત લીધી અને સંસ્થાની કાર્ય પ્રવૃતિઓની માહિતી મેળવી. તથા શિક્ષકનો ખરો રોલ વિધાર્થીના જીવનમાં કેવો હોવો જોઈએ તે વિષે જ્ઞાનસભર બન્યા.



- 23 જાન્યુઆરી 2016ના રોજ વિશ્વનિડમ દ્વારા સંચાલિત કલરવ સંસ્કાર કેન્દ્રોના બાળકોને સાથે રાખીને રાજકોટના પછાત વિસ્તારોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ માટેની રેલી કાઢવામાં આવી. જેનો મુખ્ય ઉદેશ્ય પછાત વિસ્તારોમાં રહેતા બાળકોને શિક્ષણ તરફ દોરીને નવા કલરવ સંસ્કાર કેન્દ્રો શરૂ કર્યા.



- 24 જાન્યુઆરી 2016ના રોજ વિશ્વનિડમ "હેપ્પી હોમ" ના બાળકો માટે "જીવન ઘડતર"ની તાલીમને લાગતાં ઓએસિસની શિબિર યોજવામાં આવી  જેમાં હેપ્પી હોમના 40 જેટલા બાળકોએ ભાગ લીધો.

- 26 જાન્યુઆરી 2016ના રોજ વિશ્વનીડમના ઝુપડપટ્ટી માં ચાલતા" કલરવ સંસ્કાર કેન્દ્ર" પર સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી.



- 28 જાન્યુઆરી 2016ના રોજ વિશ્વનિડમ હેપ્પી હોમના બાળકોને "પંચશીલ સ્કૂલ" નિહાળવા માટે લઈ જવામાં આવ્યા જ્યાં બાળકોએ ગાંધીજીના જીવનના ચરિત્ર અંગે માર્ગદર્શન મેળવ્યું.

